ડો.પી.એસ.પટેલ
આસી.પ્રોફેસર
ઈતિહાસ વિભાગ
એમ.એન.કોલેજ,વિસનગર

# "ખંભાતના કિસાનોનું આંદોલન" (૧૮૯૦)

➢ **પ્રસ્તાવના :-**

ભારતના પરંપરાગત સામાજિક માળખામાં કેટલાંક મૂળભૂત પરિવર્તનો તથા વિસંગતતા સર્જાઈ અને સમાજ ના તળીયે રહેલો કિસાન વર્ગ આ વિસંગતાનો શિકાર બન્યો.તેણે આ નવી વ્યવસ્થાનો પ્રતિકાર પણ પોતાની રીતે કર્યો હતો. લગભગ ૨૦૦ વર્ષના લાંબા વિદેશી શાસન દરમ્યિાન આવા પ્રતિકારોની અસંખ્યઘટનાઓ બની. જેમાંથી અહીં આપણે તાજના શાસન (૧૮૫૭-૧૯૩૬) દરમ્યિાન થયેલ જુદા જુદા કિસાન આંદોલનની ભૂમિકા સમજવાપ્રયાસ કરીશું. જેમાં પોતાના હિતોને અનુલક્ષીને કિસાનો દ્વારા સામૂહિક રૂપે કરવામાં આવેલ તમામ પ્રકારના પ્રતિકારોનો સમાવેશ કરવામાં આવેલ છે. અર્વાચીન યુગના કિસાન આંદોલનના સંદર્ભમાં બ્રિટીશ સંસ્થાનવાદે હિંદમાં સર્જેલ પૃષ્ઠભૂમીના કારણે રાષ્ટ્રવાદ, ગાંધીવાદ અને સમાજવાદ જેવી વ્યાપક વિચારસરણીઓની અસર નીચે વીસમી સદીના પૂર્વાધમાં રાષ્ટ્રીય અભિગમ ધરાવતાં કિસાન આંદોલનોનો સમાવેશ કર્યો છે.

ભારતની આર્થિક અને સામાજિક વ્યવસ્થાના પાયામાં કિસાનો તથા ગ્રામીણી સમુદાય રહેલા હોવાના કારણે આ બુદ્ધિવાદી-રાષ્ટ્રવાદી નેતાઓ કિસાનોની સ્થિતિ તથા સમસ્યા પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા હતા. અને તેની પૃષ્ઠ-ભૂમિમાં રહેલી આર્થિક વિચારસરણીના તેઓ ટીકાકારો હતા.કિસાનો પ્રત્યેની હમદર્દીથી પ્રેરાઈ તેનાં મૂળમાં જે આર્થિક તથા વહીવટી પરિબળો ભાગ ભજવી રહયાં હતાં.તે પ્રત્યે સરકારનું ધ્યાન દોરવા પ્રયાસ કરતા હતા. ભારતીય કિસાનો ની દુર્દશા,પછાત અવસ્થા,ગરીબી,દેવાદાર સ્થિતિ,શોષણ વગેરે બાબતે તેઓ સરકાર કરતાં ભિન્ન દ્રષ્ટિકોણ ધરાવતા હતા. બ્રિટીશ સરકાર આ માટે કિસાનોની અણઆવડત અજ્ઞાન, પ્રારબ્ધવાદી વલણ, ઉડાઉ સામાજિક વ્યવહારો તથા શાહુકારોની શોષણનીતિને જવાબદાર ગણતી હતી. જયારે રાષ્ટ્રવાદીઓ આ બધા પરિબળોને ગૌણ ગણતા હતા. તેમની દષ્ટિએ બ્રિટીશ સરકારની મહેસૂલનીતિ તે માટે મુખ્યત્વે જવાબદાર હતી. તેઓ માનતા હતા કે સરકારે નકકી

કરેલા મહેસૂલના દર અવાસ્તવિક હતા. એટલું જ નહિ પરંતુ તેણે નકકી કરેલી મહત્તમ મર્યાદા કરતાં પણ વાસ્તવમાં કિસાનો પર વધુ બોજ નાખતા હતા. મહેસૂલી તથા દિવાની કાયદાનું સ્વરૂપ, મહેસૂલની આકારણી તથા વસૂલાતની પદ્ધતિ, સરકારી અમદારોની વર્તણૂક વગેરે ખેડૂતને શાહુકારોને શરણે જવાની ફરજ પાડતાં હતાં.

- **ખંભાતના કિસાનોનું આંદોલન (૧૮૯૦) :**

ગુજરાતની પશ્ચિમ કિનારે આવેલી ખંભાતની નવાબી રિયાસતમાં ૧૮૯૦માં કિસાનો દ્વારા નવાબના તંત્ર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી નવી મહેસૂલી નીતિ સામે વિદ્રોહ કર્યો. ખંભાતના નવાબી રાજયમાં કૃષિવ્યવસ્થા મુઘલયુગ ની પરંપરા અને અઢારમી સદીની પર આધારિત હતી. રાજયની જમીન'બારા' અને 'ચરોતર'એમ બે પ્રદેશોમાં વહેંચાયેલી હતી. '**બારા**' વિસ્તારમાં '**ભાગવટી**' તરીકે ઓળખાતી મહેસૂલ પદ્ધતિ અમલમાંહતી જેમાં પાક તૈયાર થયા પછી કુલ ઉત્પન્ન રાજય અને કિસાન વચ્ચે અડધા ભાગે વહેંચવામાં આવતું. આઉપરાંત ખેડૂતે પોતાના ભાગમાંથી પટેલ,તલાટી જેવા સ્થાનિક કર્મચારીઓનો હિસ્સો પણ ચૂકવવો પડતો જે૨૦ ટકા જેટલો થતો હતો. પરિણામે ખેડૂતને ભાગેકુલ ઉપજ ના ૩૦ ટકા બાકી રહેતા. જયારે '**બારા**' કરતાં '**ચરોતર**' નો પ્રદેશ ફળદ્રુપ હતો. જયાં ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં 'ભાગવ ટી' પ્રથાના બદલે 'વિઘોટી' પ્રથા દાખલકરવામાં આવી હતી, જેમાં ખેડાણ હેઠળના પ્રત્યેક વીઘાદીઠ નિશ્ચિત કરાયેલા દરે રોકડમાં મહેસૂલ વસૂલ કરવામાં આવતું. મહેસૂલનો દર શાસકોની મુનસબી પર આધારિત હતો. પાકની જાત,ઉત્પાદન નું પ્રમાણ, જમીનના ઉત્પાદકતા વગેરે પરિબળોને ધ્યાનમાં લઈ નવાબનું તંત્ર પોતાને ફાવે તે પ્રમાણે આ દરમાં વધારો કરી શકતું.[૧]

ખંભાતના કિસાનો પર મહેસૂલી બોજો તેના પડોશમાં આવેલા બ્રિટિશ વિસ્તારો કરતાં ઘણો વધારે હતો. 'બારા' પ્રકારની જમીન પર કેટલાક કિસ્સામાં મહેસૂલ દર વીઘે ૩૫ રૂપિયા જેટલો પડતો જે સામાન્ય રીતેસરેરાશ વીઘે ૪ રૂપિયા જેટલો થતો હતો. જયારે ખંભાત રાજયના પાડોશી બ્રિટીશ ગામોમાં દર ૨ રૂપિયા જેટલો હતો. વસૂલી કર્મચારી ઓની બિનકાર્યક્ષમતા અને ભ્રષ્ટાચારને કારણે કુલ આવકમાં સંભવિત ઘટ ને ધ્યાનનાં રાખીને આકારણી વખતે જ મહેસૂલની રકમ ઊંચી નકકી કરાતી. આમ તંત્રની ગેરવ્યવસ્થા કિસાનો માટે બોજા રૂપ સાબિત થતી હતી.[૨]

હવે નવી મહેસૂલી વ્યવસ્થા દાખલ કરવાથી કેટલાક કિસાનો પર ૩૦ ટકા જેટલો આર્થિક બોજો આવી પડયો હતો. ઉદાહરણ તરીકે પાટીદારોની વસ્તી ધરાવતું તારાપુર ગામ જે જૂની આકારણી પ્રમાણે કુલ ૧૭૯.૫૦ રૂા. જેટલું મહેસૂલ ચૂકવતુ તેણે નવી આકારણી પ્રમાણે ૨૩૭.૨૫ રૂા. જેટલું મહેસૂલ ચૂકવવું પડે તેમ હતું. તે જ પ્રમાણે બારૈયાની વસ્તી ધરાવતા જાવેદ ગામમાં આ રકમ ૫૪ રૂા.૧૦ આનાથી વધીને ૮૨ રૂા. ૭ આના જેટલીથઈ હતી. આમ રાજય તથા રાજધાનીના આધુનિકરણનો બોજો છેવટે કિસાનોએ ઉઠાવવો પડે તેવી સ્થિતિ સર્જાઈ તેમાંથી કિસાનોમાં અસંતોષ ફેલાયો અને ૧૮૯૦ના આંદોલન બીજ રોપાયાં અને કિસાનો તરફથીવિરોધનો સૂર સાંભળવાની શરૂઆત થઈ.[3]

સાવચેતીના પગલાં તરીકે નવાબીતંત્રે એક સાથે બધાં ગામોમાં નવી વ્યવસ્થા દાખલ કરવાને બદલે કસબા, ઉંદેલ, શંકરપુર, નગરા જેવા પાટીદારોના ગઢ સમાન સંગઠિત ગામોને તેમાંથી બાકાત રાખી દૂરના અંતરિયાળ ગામોમાં નવી પ્રથા દાખલ કરી. આ પ્રકારના ભેદભાવે કિસાનોના વિરોધને વધુ ઉગ્ર બનાવ્યો. મહેસૂલી કાર્યાલયમાં ખેડૂતોની વિરોધ અરજીનો પ્રવાહ શરૂ થયો. કિસાનોની દૃષ્ટિએ આ તમામ આફતોના મૂળમાં એક વખત બરતરફ કરાયેલા દીવાન શામરાવ લાડની અપ્રમાણિક અને બિનવ્યવહારુ નીતિ રહેલી હતી. તેમના મતે રાજયની આર્થિક સ્થિતિનો ખ્યાલ રાખ્યા વગર તેણે રાજધાનીના આધુનિકરણ માટે આંધળી દોડ મૂકી હતી.હવે તેનો બોજ તે કિસાનો પર નાખવા માંગતો હતો.[૪]

આથી નવાબને તે અંગે ફરિયાદો કરવામાં આવી હતી. નવાબ તે પ્રત્યે ધ્યાન ન આપતાં પોલિટીકલ એજન્ટ અને ખેડા કલેકટર હેન્રી કૂકે ૧૮૯૦ના મે માસમાં રાજયના પ્રવાસે આવ્યા ત્યારે કિસાનોએ નવી મહેસૂલ પદ્ધતિ સામે પોતાની અરજી આપી. પરંતુ તેમણે તે પ્રત્યે દુર્લક્ષ્ય સેવ્યું. જયારે ચાર મહિના પછી ૧૫મી સ્પટેમ્બર ૧૮૯૦ના રોજ ખંભાતના આબકારી ઈન્સ્પેકટરે પોલિટીકલ એજન્ટને ફરિયાદ કરીકે તેમને મળેલા ઈજારા પ્રમાણે તાડી એકઠી કરવાની કામગીરીમાં સ્થાનિક કિસાનો તરફથી ઘણી અડચણો ઊભી કરવામાં આવી રહી છે. આ જ અરસામાં ખંભાતના ૧૫૬ પ્રજાજનોની સહીઓ સાથેનું એક આવેદનપત્ર પોલિટીકલ એજન્ટને મોકલવામાં આવ્યુંજેમાં નવા મહેસૂલી દરોનો વિરોધ કરવામાં આવ્યો હતો.આ બધી ઘટનાઓ સ્પષ્ટ રીતે કિસાનોમાં વધતી જતીવિરોધની ભાવનાને વ્યકત કરતી હતી. પરંતુ નવાબી તંત્ર કે બ્રિટીશ સરકાર દ્વારા તે પ્રત્યે કોઈ ધ્યાન આપવામાં આવ્યું નહિ.પરિણામે કિસાનોને આંદોલનનો રાહ અપનાવવાની જરૂર પડી.

આંદોલનનાં નેતૃત્વ ખંભાતના સાજન ફળિયામાં વસતા લેઉઆ પાટીદાર ખેડૂત નાનાભાઈ હરજીભાઈએ લીધું. આ આંદોલનના બીજા નેતા દયાળભાઈ રણછોડભાઈ પટેલ હતા. જેમનું પટેલ પદ લાડના પ્રભાવ હેઠળ નવાબે છીનવી લીધું હતું. અને તેની સામે અદાલતી કાર્યવાહી કરવામાં આવતા ભારે આર્થિક ખર્ચ વેઠવો પડયો હતો. ત્રીજા સ્થાનિક નેતા ગરાસિયા વતનદાર હતો જેનો એક ગામ પરની માલિકી અંગે નવાબ સાથે વિવાદ ચાલતો હતો. આમ પ્રમાણમાં સુખી અને પ્રભાવક વર્ગના કિસાનો જેમને અંગત કારણોથી નવાબીતંત્ર સામે વિરોધ હતો.તેમણે આ આંદોલનનું નેતૃત્વ લીધું હતું. તે સાથે જ્ઞાતિ, જાતિ અને પ્રાદેશિક પરિબળો અને પરંપરાઓનો કિસાનો સંગઠન માટે ઉપયોગ કરવામાં આવ્યો હતો.

નવાબના મહેસૂલી વ્યવસ્થાનો વિરોધ કરવા માટે નગરના પ્રજાજનોનું એક 'સમસ્ત પંચ' રચવા માટેખંભાતમાં એક બેઠક બોલાવી હતી. જેમાં વેપારી,મહાજનો અને કારીગરોના પંચો અને નગર શેઠ હાજર રહયા તથા નગરમાં હડતાલ પાડવાનો નિર્ણય લેવાયો. બીજા કેટલાક ખેડૂત આગેવાનોએ આસપાસનાં ૧૩ ગામોની મુલાકાત લઈ ત્યાંના કિસાનોને સરકારના મહેસૂલનો બહિષ્કાર કરી વિરોધ પ્રદર્શનમાં સામેલ થવા સમજાવ્યા હતા. એટલું જ નહિ પરંતુ તેમાં જો કોઈ

કારણે સરકારી તંત્ર સાથે કિસાનોને અથડામણ થશે તો તેની સઘળી જવાબદારી આગેવાનો ઉઠાવશે તેવી ખાત્રી આપવામાં આવી. મોટા ભાગના શોષિત કિસાનો તેમાં સામેલ થવા તૈયાર હતા. થોડાક મુખીઓ અને પટેલો ખચકાતા હતા તેમને જ્ઞાતિ બહાર મૂકવાની ચીમકી આપતાં તેઓ પણ તૈયાર થઈ ગયા. સુખી ખેડૂતોના પ્રભાવ હેઠળ તેમના ભાગિયા કે ખેતમજૂરો તરીકે કામ કરતા ખેડૂતો પણ જોડાયા. આ રીતે ઉંદેલ, નગરા અને કસબાના ૫,000 જેટલા કિસાનો ખંભાતના સાજન ફળિયામાં એકઠા થવા તૈયાર કરવામાં આવ્યા. જેમાંથી આશરે ૧,૫00 થી ૨,000 કિસાનો અને પ્રજાજનોનું ટોળું લાઠીઓ તથા અન્ય હથિયારો સાથે સાજન ફળિયામાં એકઠું થયું હતું.[૬]

ખંભાત શહેરમાં કિસાનોનો શસ્ત્ર બળવાનો ભય ઊભો થતાં નવાબે પોલિટીકલ એજન્ટની મદદની માંગણી કરતાં પોલિટીકલ એજન્ટ કૂકે નવાબને સમર્થન આપ્યું. પરંતુ સમસ્યાને પોતાની રીતે હલ કરવાની સલાહ આપી નવાબે પોલીસ તથા સશસ્ત્ર દળોની મદદથી વિદ્રોહ દબાવી દેવાનો નિર્ણય લીધો. તેણે લશ્કરી મદદ મોકલવા માટે પોલિટીકલ એજન્ટને વિનંતી કરી. પોલિટીકલ એજન્ટની સૂચનાથી વડોદરાથી લશ્કરી ટુકડી આવી પહોંચી. બ્રિટીશ લશ્કરી ટુકડી આવી પહોંચતાં નવાબે ખેડૂતો સામે સખતાઈથી વર્તવાનો નિર્ણય લીધો. ખેડૂતોના પ્રવકતા મોતી કુબેર તથા અન્ય નેતા ઓએ ખંભાતના ગેરવહીવટ અંગે ફરિયાદો કરી પરંતુ પોલિટીકલ એજન્ટ કૂકે તે તરફ ધ્યાન આપ્યા વગર ખેડૂતોને બીજા દિવસે સાત વાગ્યા સુધીમાં વિખરાઈ જવાનો હુકમ આપ્યો. જો એમ નહિ થાય તો પોતાને બળ પ્રયોગ કરવાની ફરજ પડશે તેવી ધમકી પણ આપી.

આ દરમ્યાન નગરશેઠ તથા સ્થાનિક બ્રિટીશ આબકારી અધિકારીઓ દ્વારા સમાધાન માટેના પ્રયાસો કરવામાં આવ્યા. પરંતુ ખેડૂતો પોતાના નિર્ણય પર મકકમ રહયા. બીજા દિવસે કૂક તથા નવાબ લશ્કરની ટુકડી અને પોલીસની કૂમક લઈ સાજન ફળિયામાં આવી પહોંચ્યા. જયાં કિસાનોનું મોટું સશસ્ત્ર ટોળુ પડાવ નાખીને પડયું હતું. પોલીસ તથા લશ્કરી ટુકડીને આવતી જોઈ ટોળું લાકડીઓ તથા તલવારો લઈ સામે ધસ્યું. સરકારી દળમાં આગળના ભાગે રહેલી પોલીસ ટુકડી પાછી પડતાં કૂકે લશ્કરને ગોળીબારનો હુકમ આપ્યો. લશ્કરના ગોળીબારમાં ૨૦ વ્યકિતઓનાં મૃત્યુ થયાં અને ૧00 જેટલા આંદોલનકારીઓ ઘવાયા. આંદોલનના ૩૫ નેતાઓનેપકડવામાં આવ્યા. બાકી બીજા નાસી ગયા. આ રીતે કિસાનોના આંદોલનોને કચડી નાખવામાં આવ્યું.[૭]

પાદનોંધ :

૧. રોહિત પંડયા,"સાંસ્થાનિક ભારતનાં કિસાન આંદોલનો",અમદાવાદ,૨00૪,પૃ-૧૮૭

૨. એજન,પૃ-૧૮૮

૩. મકરન્દ મહેતા, "સાંસ્થાનિક ભારતનો આર્થિક ઈતિહાસ",અમદાવાદ,૧૯૯૯,પૃ-૧0૭

૪. એજન,પૃ-૧૯0-૧૯૧

૫. રોહિત પંડ્યા,પૂર્વોકત,પૃ-૧૯૧

૬. એજન,પૃ-૧૦૮-૧૦૯

૭. મકરન્દ મહેતા, પૂર્વોકત,પૃ-૧૮૭-૧૯૩